# પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર,
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# વ્યારા જિ. તાપી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## સ્વયંભૂ જાહેર કરાયેલી માહિતી
## (પ્રો–એકટીવ ડીસ્કલોઝર) પરિચયગ્રંથ

## માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫
## પ્રકરણ–૨, કલમ ૪(૧)(ખ)

## તા.૦૧/૦૫/૨૦૨૬ થી ૩૦/૦૪/૨૦૨૭

## પ્રોએકટીવ ડીસ્કલોઝર

કચેરીનું નામઃ– પ્રાદેશિક ચોખા સશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા
વર્ષઃ– ૨૦૨૬ (તા. ૧/૦૫/૨૦૨૬ ની સ્થિતિએ)

**મુદ્દા નંબર :– ૧ પોતાના વ્યવસ્થા તંત્ર કાર્યો અને ફરજોની વિગત :–**

| વ્યવસ્થા તંત્ર | હોદ્દો | કાર્ય અને ફરજની વિગત |
|---|---|---|
| વાઈસ ચાન્સેલર | યુનિવર્સિટીના વડા | યુનિવર્સિટીની વહીવટી સંચાલન |
| સંશોધન નિયામકશ્રી | સંશોધનનના વડા | યુનિવર્સિટીની સંશોધનનું સંચાલન |
| સંશોધન વૈજ્ઞાનિક | અત્રેની કચેરીના વડા | અત્રેના કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓનું સંશોધન અને કેન્દ્રનું વહિવટી સંચાલન |

**મુદ્દા નંબર :– ૨ અધિકારી અને કર્મચારીઓની સત્તા અને ફરજો :–**

| | |
|---|---|
| **(૧) ડૉ. વિપુલકુમાર પી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક (T-1)** | |
| ૧. | કેન્દ્ર ખાતે ચાલતી તમામ યોજનાઓમાં કરવામાં આવતી સંશોધનની કામગીરી તથા કેન્દ્ર ખાતેની વિસ્તરણ તથા બીજ ઉત્પાદનની દરેક પ્રવૃતિનું આયોજન તથા સંચાલનની જવાબદારી |
| ૨. | કેન્દ્ર ખાતે સંશોધિત જાતોનું ન્યુકિલયસ, બ્રીડર બ્રીજ ઉત્પાદનની આયોજન તથા સંચાલન |
| ૩. | કેન્દ્ર ખાતે લેવામાં આવતા જુદાજુદા પાકોના બીજ ઉત્પાદનનું આયોજન અને સંચાલનની કામગીરી |
| ૪. | કેન્દ્રના વડા તરીકેની કામગીરી |
| ૫. | કેન્દ્રના ઉપાડ અને ચુકવણા અધિકારી તરીકેની કામગીરી |
| ૬. | કેન્દ્રના માહિતી અધિકારી તરીકેની કામગીરી |
| ૭. | જીલ્લાના નોડલ વૈજ્ઞાનિક તરીકેની કામગીરી |
| ૮. | ફાર્મ વિકાસ અને ફાર્મ સંચાલનની કામગીરી |
| **(૨) ડૉ. કેદારનાથ, સહ સંશોધન વૈજ્ઞાનિક (T-2)** | |
| ૧. | કેન્દ્ર ખાતે લેવામાં આવતા તમામ અખતરાની પાક સરંક્ષણ ને લગતા તમામ અવલોકનો લેવાની કામગીરી |
| ૨. | કેન્દ્ર ખાતે લેવામાં આવતા બીજ ઉત્પાદન તથા જનરલ પાકોમાં પાક સંરક્ષણને લગતી કામગીરી |
| ૩. | RKVY યોજનાની કામગીરી અને રીપોર્ટીગની કામગીરી. |
| ૪. | ૯૫૧૦–એન–૨૧ લગતા રજીસ્ટરોની દૈનિક ચકાસણી કરવી તથા નિભાવણીની દેખરેખ રાખવી. |
| ૫. | કેન્દ્ર પર આવતા મુલાકાતીઓને માર્ગદર્શન અને મુલાકાતી રજીસ્ટર નિભાવવું. |
| ૬. | કેન્દ્રની લેબોરેટરીની કામગીરી સંભાળવી. |
| ૭. | વેધશાળાની ટેકનીકલ સુપરવિઝન અને રીપોર્ટીગની કામગીરી. |
| ૮. | રાવે પ્રોગ્રામનું સંકલન / મોનીટરીંગ |
| ૯. | જીલ્લા સંકલન અને ટ્રાયબલ સબ પ્લાન સાથેના પત્ર વ્યવહાર |
| ૧૦. | કલેરીકલ રજીસ્ટરોની દૈનિક ચકાસણી અને નિભાવણીની દેખરેખ |
| ૧૧. | કચેરીના વડાની ગેરહાજરીમાં કચેરી/ફાર્મ ની દેખરેખ |
| ૧૨. | અત્રેના કેન્દ્ર ખાતે મદદનીશ માહિતી અધિકારી તરીકેની કામગીરી અને રજીસ્ટર નિભાવવા |
| ૧૩. | યોજનાને લગતી ઓન લાઈન ખરીદીની કામગીરી |
| **(૩) ડૉ. મૌલીક આર. પ્રજાપતિ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (T-3)** | |
| ૧. | ઓરાણ/એરોબીંગ ડાંગર, તેલીબીયાના પાકો તથા હાઈબ્રીડ ડાંગર યોજના બ.સ. ૧૨૦૧૫ ને લગતી સંશોધનની કામગીરી |

| | |
|---|---|
| ૨. | મુસા ફાર્મ નવી જમીન ખાતે ફાર્મ વિકાસ, ફાર્મ સંચાલન અને કુશળ,અર્ધકુશળ અને દૈનિક શ્રમયોગીઓ તથા ટ્રેકટર તથા જીપ ડ્રાઈવરને ની કામગીરીનું સંચાલન તથા ફીલ્ડની દૈનિક કામગીરી સારી રીતે ચાલે તેને દેખરેખ રાખવી |
| ૩. | કેન્દ્ર ખાતે કઠોળ, તેલીબીયા તથા ઓરાણ/એરોબીક બીજ ઉત્પાદનની કામગીરીની દેખરેખ ઓરાણ/એરોબીંગ ડાંગર તથા તેલીબીયાના પાકોના જુદીજુદી જાતો/પેરન્ટસીડસના ન્યુકિલયસ, બ્રીડર તથા સટી ફાઈડ બીજ સુધ્ધતાની જાળવણી તથા રોગીંગ |
| ૪. | ઓરાણ અને એરોબીકડાંગર જાતો,મધ્યમ મોડી પાકતી અને જાડાદાણાવાળી,હાઈબ્રીડ રોપાણ ડાંગરની સંકરણ, વિવિધ પેઢીઓમાં અવલોકન, મુલ્યાંકન, પસંદગી પેઢી આગળ વધારવાની બાયોટેકનોલોજીકલ કામગીરી તથા રીપોટીંગ |
| ૫. | હાઈબ્રીડ ડાંગર જુદી જુદી નર્સરી જેવીકે ટેસ્ટ કોર્ષ નર્સરી,રિસ્ટોર,SN, મઈનેટર, CMS નર્સરી વગેરે નર્સરી આયોજન તથા મુલ્યાંકનની કામગીરી અને રીપોટીંગ તથા ડીજીટલ રેકોર્ડ કીપીંગ |
| ૬. | ૫૦૦૮,૧૨૯૧૬ તેલીબીયા પાકોને લગતી સંશોધનને લગતા રજીસ્ટરોની દૈનિક ચકાસણી કરવી તથા નિભાવણીની દેખરેખ રાખવી. |
| ૭. | કેન્દ્ર પર ચાલતી પ્રવતિઓનું ડોકયુમેન્ટેશન |
| ૮. | કેન્દ્રની લાઈબ્રેરીની કામગીરી સંભાળવી. |
| ૯. | કેન્દ્રની વેબસાઈડ અપડેટ કરવાની કામગીરી. |
| ૧૦. | તેલીબીયા તથા ઓરાણ ડાંગરના જર્મપ્લાઝમ જાળવણી તથા મુલ્યાંકનની કામગીરી |
| ૧૧. | યોજનાને લગતી ઓન લાઈન ખરીદીની કામગીરી |
| ૧૨. | તેલીબીયા યોજનાઓની ક્રોપીંગ સ્કીમની કામગીરી |
| **(૪) શ્રી મહેન્દ્રકુમાર એન. ચૌધરી, ખેતીવાડી અધિકારી (T-4)** | |
| ૧. | વિકાસ ખર્ચ યોજનાઓ બ.સ.૧૨૯૪૬–સી ,AICRIP,IRRI અને અધર એજન્સીને લગતી યોજનાઓને લગતી સંશોધનની કામગીરી જેવી કે અખતરાનું આયોજન,જમીનની તૈયારી, લે આઉટ, અવલોકન લેવાની,સંપાદનની અને રીપોટીંગ |
| ૨. | ડાંગરની જુદીજુદી રોપાણ જાતો તથા હાઈબ્રીડ ડાંગર જાતો, પેરન્ટસીડસના ન્યુકિલયસ, બ્રીડર, સર્ટીફાઈડ બીજની સુધ્ધતાની જાળવણી તથા રોગીંગ |
| ૩. | વહેલી પાકતી અને ઝીણા દાણાવાળી રોપાણ ડાંગર તથા હાઈબ્રીડ ડાંગરને લગતી જાત વિકસાવવા સંકરણ, વિવિધ પેઢીઓમાં અવલોકન, મુલ્યાંકન, પસંદગી તથા પેઢી આગળ વધારવાની કામગીરી બાયોટેકનોલોજીકલ વર્ક તથા રીપોટીંગ |
| ૪. | હાઈબ્રીડ ડાંગર જુદી જુદી નર્સરી જેવીકે ટેસ્ટ કોર્ષ નર્સરી,રિસ્ટોર,SN, મઈનેટર, CMS નર્સરી વગેરે નર્સરી અવલોકન તથા મુલ્યાંકનની કામગીરી અને રીપોટીંગ તથા ડીજીટલ રેકોર્ડ કીપીંગ |
| ૫. | કેન્દ્ર પર આવતા મુલાકાતીઓને માર્ગદર્શન. |
| ૬. | કેન્દ્રની મ્યુઝીયમની કામગીરી સંભાળવી. |
| ૭. | યોજનાને લગતી ઓન લાઈન ખરીદીની કામગીરી |
| **(૫) ડૉ. પ્રકાશચન્દ્ર એન. પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (T-7)** | |
| ૧. | સ્થાયી ખર્ચ યોજનાઓ બ.સ. ૫૦૦૩, ૭૦૦૩ તથા વિકાસ યોજના બ.સ.૧૨૯૦૮ ને લગતી યોજનાઓને સંશોધનની કામગીરી જેવી કે અખતરાનું તથા બ્રીડીંગ પટીરીયલ અને સંકરણઆયોજન,જમીનની તૈયારી, લે આઉટ, અવલોકન લેવાની,સંપાદનની અને રીપોટીંગ |
| ૨. | ડાંગર તથા અન્ય પાકોના એગ્રોનોમી અખતરા, (બ.સ. ૧૨૯૦૮ સહિત)ની કામગીરી તથા રીપોટીંગ |

| | |
|---|---|
| ૩. | બ.સ. ૧૨૦૧૫,૧૨૯૪૬–સી,૫૦૦૩, ૭૦૦૩, AICRIP,IRRI, ૧૨૯૦૮ અને અધર એજન્સીન ને લગતા રજીસ્ટરોની દૈનિક ચકાસણી કરવી તથા નિભાવણીની દેખરેખ રાખવી. |
| ૪. | ક્રોપીંગ સ્કીમની કામગીરી (તેલીબીયા સિવાય) |
| ૫. | મુખ્ય ફાર્મ ખાતે ફાર્મ વિકાસ, ફાર્મ સંચાલન અને કુશળ,અર્ધકુશળ અને દૈનિક શ્રમયોગીઓ તથા ટ્રેકટર તથા જીપ ડ્રાઈવરને ની કામગીરીનું સંચાલન તથા ફીલ્ડની દૈનિક કામગીરી સારી રીતે ચાલે તેને દેખરેખ રાખવી |
| ૬. | ફાર્મ વિકાસના લગતા કામો કરવા |
| ૭. | ડાંગરના FLD ની ગોઠવણી |
| ૮. | ઓન લાઈન ખરીદીની કામગીરી |
| ૯. | ડાંગર જર્મપ્લાઝમ જાળવણી તથા મુલ્યાંકનની કામગીરી |
| **(૬) શ્રી કે.જે. ખટાણા, ખેતી અધિકારી (T-6)** | |
| ૧. | ત્રણે ફાર્મ ખાતે જનરલ બીજ ઉત્પાદને લગતી પાક આયોજન અને અમલની કામગીરી તથા ફીલ્ડની કામગીરી તથા રીપોટીંગ |
| ૨. | મુસા ફાર્મ ખાતે ફાર્મ વિકાસ, ફાર્મ સંચાલન અને કુશળ,અર્ધકુશળ અને દૈનિક શ્રમયોગીઓ તથા ટ્રેકટર તથા જીપ ડ્રાઈવરને ની કામગીરીનું સંચાલન તથા ફીલ્ડની દૈનિક કામગીરી સારી રીતે ચાલે તેને દેખરેખ રાખવી |
| ૨. | બ.સ. ૯૫૧૦N-૨૧ નાં લેબર મસ્ટર, લેબરશીટ વગેરે લખવાની કામગીરી |
| ૩. | ક્રોપીંગ સ્કીમ જનરલ (૯૫૧૦–એન–૨૧) |
| ૪. | મુસા ફાર્મ પર ઈલેકટ્રીક સપ્લાય અને પીવાના પાણીને લગતી કામગીરી તથા પિયતને લગતી કામગરી |
| ૫. | ટ્રેકટરો,ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટર, હાર્વેસ્ટર, વીડર, હોન્ડા મશીન,ટ્રાન્સપ્લાન્ટર વગેરે લોગબુકની કામગીરી |
| ૬. | મુસા ફાર્મ ૫ર ફાર્મ વિકાસની કામગીરી |
| ૭. | ઝાડ રજીસ્ટર તથા જમીનને લગતા રજીસ્ટરની જાળવણી |
| ૮. | સ્ટોરમાં ડીઝલ ખરીદી/ઈસ્યુ કરવાની કામગીરી |
| ૯. | બુલેરો ગાડી દેખરેખ તથા લોગબુક લખવાની કામગીરી |
| ૧૦. | મ્યુઝીયમ અને પ્રદર્શનને લગતી તમામ કામગીરી |
| ૧૧. | ઓન લાઈન ખરીદી અંગેની કામગીરી |
| **(૭) કુ. અભિનયા એ. ગામીત, ખેતી મદદનીશ (T-8)** | |
| ૧. | સ્ટોરને લગતી કામગીરી (બ.સ. ૫૦૦૮,૧૨૯૧૬,૧૮૨૧૫–બી, ૯૫૧૦–અને–૨૧ અને RKVY બજેટો) |
| ૨. | સીડ પ્રોસેસીંગ, સીડ સર્ટીફિકેશન તથા બીજ વેચાણની કામગીરી તેને લગતા પત્ર વ્યવહારની કામગીરી તથા રેકોર્ડસ નિભાવવા |
| ૩. | કેન્દ્ર પરનાં ડેડસ્ટોક સાધનોની જાળવણી,રીપેરીંગ તથા રજીસ્ટરની જાળવણી |
| ૪. | મંજુરી સંબધિત કામગીરી (અખતરાઓ સિવાય અને તેની મંજુરીના રેકર્ડસ નિભાવવા કામગીરી) |
| ૫. | તમામ મકાનો ગોડાઉન, સ્ટોર,ઓફિસ,રેસ્ટ હાઉસ વિગેરે રીપેરીંગ તથા રજીસ્ટરની જાળવણી |
| ૬. | મુસા ફાર્મ નવી જમીન પર ઈલેકટ્રીક સપ્લાય અને પીવાના પાણીને લગતી કામગીરી તથા પિયતને લગતી કામગરી |
| ૭. | કેન્દ્ર પર ગોઠવવામાં આવતા ઓરાણ/એરોબીક ડાંગર તથા તેલિબીયાનાં પાકોના અખતરાઓ |

| | |
|---|---|
| | તથા સંશોધનને લગતી ફીલ્ડ અને લેવાની તમામ કામગીરી જેવી કે જમીનની તૈયારી, લે આઉટ,સંકલન, અવલોકન લેવાની,સીલેકશન સંપાદન તથા સંશોધનને લગતા રજીસ્ટર લખવા તથા નિભાવવાની કામગીરી |
| ૮. | મગફળીના FLD સંભાળવાની કામગીરી |
| ૯. | નવી જમીનની ફાર્મવિકાસને લગતી કામગીરી |
| ૧૦. | મ્યુઝીયમ અને પ્રદર્શનને લગતી તમામ કામગીરી |
| **(૮) શ્રી જીજ્ઞેશ કે. ભરડા, ખેતી મદદનીશ (T-11)** | |
| ૧. | પ્લાન/નોન પ્લાન યોજનાઓ ૫૦૦૩,૭૦૦૩,૧૨૦૧૫,૧૨૯૪૬–સી, અધર એજન્સી તથા AICRIP,IRRI લગતા અખતરાઓ તથા સંશોધનને લગતી ફીલ્ડની તમામ કામગીરી જેવી કે જમીનની તૈયારી, લે આઉટ,સંકલન, અવલોકન લેવાની,સીલેકશન સંપાદન તથા સંશોધનને લગતા રજીસ્ટર લખવા તથા નિભાવવાની કામગીરી |
| ૨. | પ્લાન/નોન પ્લાન યોજનાઓ ૫૦૦૩,૭૦૦૩,૧૨૦૧૫,૧૨૯૪૬–સી, અધર એજન્સી તથા ICAR,IRRI લગતા લેબર મસ્ટર, લેબરશીટ વગેરે લખવાની કામગીરી તથા સ્ટોરને લગતી તમામ કામગીરી |
| ૩. | મુખ્યફાર્મ પર આયોજિત પ્લાન યોજનાઓ ૧૨૦૧૫,૧૨૯૪૬–સી તથા AICRIP,IRRI લગતા અખતરાઓ તથા બ્રીડીંગ મટીરીયલને લગતી ફીલ્ડની તમામ કામગીરી |
| ૪. | અત્રેના કેન્દ્ર પર રોકવામાં આવતા કુશળ/અર્ધકુશળ શ્રમયોગીની રજીસ્ટરો તથા ફાઈલો નિભાવવાની કામગીરી |
| ૫. | મંજુરી સંબધિત કામગીરી (અખતરાઓની મંજુરીના રેકર્ડસ નિભાવવા કામગીરી) |
| ૬. | ફાર્મ વિકાસને લગતી ફીલ્ડની કામગીરી |
| ૭. | ફાર્મ ખાતેના તમામ ઈલેકટ્રીક બીલને લગતી કામગીરી અને રજીસ્ટરો નિભાવવાની કામગીરી |
| ૮. | હોન્ડા સાઈન લોગબુક લખવાની કામગીરી |
| ૯. | મુખ્ય ફાર્મની સ્વચ્છતા અને બાગબગીચાની જાળવણી |
| ૧૦. | વેધશાળાને લગતા અવલોકનો લઈ રજીસ્ટર નિભાવવાની અને રીપોર્ટીંગની કામગીરીમાં મદદ કરવી |
| ૧૧. | મેઈન ફાર્મ પર ઈલેકટ્રીક સપ્લાય અને પીવાના પાણીને લગતી કામગીરી તથા પિયતને લગતી કામગરી |
| **(૧૦) શ્રી એચ.ડી. ગામીત, જુનીયર કલાર્ક (T-10)** | |
| ૧. | કેશીયર તરીકેની સંપૂર્ણ કામગીરી કરવી. |
| ૨. | કર્મચારીના પગારબીલની કામગીરી |
| ૩. | કચેરીના તમામ બજેટ સદરોની કેશબુક લખવાની કામગીરી તમામ બ.સ.નાં બજેટ બનાવવાની કામગીરી તથા ખર્ચ–આવક તથા ડીટેઈલ રજીસ્ટરો નિભાવવાની કામગીરી |
| ૪. | વહીવટી પત્ર વ્યવહારની કામગીરી |
| ૫. | ઈન્કમટેક્ષ/ GST ને લગતી કામગીરી |
| ૬. | આવેલપત્રો અને મોકલવાના પત્રોની ઈનવર્ડ/આઉટવર્ડની કામગીરી |
| ૭. | બીલો બનાવવાની કામગીરી |
| ૮. | ઓડિટને લગતી પત્ર વ્યવહાર |
| ૯. | સ્ટેશનરી રજીસ્ટર નિભાવવું |
| ૧૦. | કર્મચારી/અધિકારીશ્રીઓની સર્વિસબુકો નિભાવવી |
| ૧૧. | ત્રિમાસીક ચાર્જ પત્રકો મોકલવાની કામગીરી |

| | | |
|---|---|---|
| ૧૨. | હિસાબી શાખાનો પત્ર વ્યવહાર, પત્રોનું કોમ્પ્યુટરમાં ગુજરાતી અંગ્રેજી ટાઈપીંગની કામગીરી કરવી | |
| ૧૩. | કર્મચારીએના ટી.એ./એલ.ટી.સી. વગેરે બીલોને લગતી કામગીરી | |

**મુદ્દા નંબર :– ૩ દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતઃ–**

પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર ખાતે સંશોધન તથા તે માટે જરૂરી વહિવટને લગતી તમામ કામીગીરીની જવાબદારી કચેરીના વડા તરીકે સંશોધન વૈજ્ઞાનિકની છે. સંશોધન વૈજ્ઞાનિક સ્ટેચ્યુટ S–૧૨૧ State Agricultural Universities Rule,2011 તથા રાજય સરકારના નિતિનિયમો આધિન કાર્ય કરે છે.

**મુદ્દા નંબર :–૪ પોતાના કાર્યો બજાવવા માટે નકકી કરેલા ધોરણોઃ–**

અત્રેની કચેરી ખાતે સંશોધનને લગતી સઘળી કામગીરી ટેકનીકલ કર્મચારીઓ દ્વારા તથા વહીવટી કર્મચારીઓ દ્વારા કચેરીને લગતી તમામ પ્રકારની વહીવટી/હિસાબી કામગીરી યુનિવર્સિટીના નીતિ–નિયમો મુજબ કરવામાં આવે છે. આ કામગીરી તમામ કર્મચારીઓ દ્વારા યુનિવર્સિટીના સ્ટેચ્યુટ S–૧૨૧ State Agricultural Universities Rule,2011 મુજબ તથા રાજય સરકારના નિતિનિયમો આધિન કાર્ય કરવામાં આવે છે.

**મુદ્દા નંબર :–૫ કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા નિયંત્રણ હેઠળના કે કર્મચારીઓ દ્વારા અનુસરવામાં આવતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસગ્રહો અને તે સંબંધી રેકર્ડ,:–**

ગુજરાત સરકારની માહિતી પરિચય પુસ્તીકા, યુનિવર્સિટીના સ્ટેચ્યુટ અને વડી કચેરીના આદેશ મુજબ

**મુદ્દા નંબર :–૬ પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દરસ્તાવેજોની કક્ષા અને વર્ગીકરણનું પત્રકઃ–**

(૧) ડાં. વી. પી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક, ડાંગરને સંશોધનને લગતી ટેકનીકલ ફાઈલો અને ખાનગી ફાઈલો

(૨) ડાં. કેદારનાથ, સહ સંશોધન વૈજ્ઞાનિક, પાક સંરક્ષણ સંશોધન,RKVY, વેધશાળાને લગતી ફાઈલો અને રજીસ્ટરો

(૩) ડાં. મૌલિક આર. પ્રજાપતિ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, લાઈબ્રેરી, રોપાણ/ઓરાણ ડાંગર અને મગફળી સંશોધનને લગતી ટેકનીકલ ફાઈલો.

(૪) શ્રી એમ.એન. ચૌધરી, ખેતીવાડી અધિકારી , હાઈબ્રીડ ડાંગર, AICRIP,IRRI અને અધર એજન્સીને સંશોધનને લગતી ટેકનીકલ ફાઈલો

(૫) ડાં. પ્રકાશચંન્દ્ર એન. પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, પ્લાન/ નોન પ્લાન યોજનાઓને લગતી ટેકનીકલ ફાઈલો/રજીસ્ટર

(૬) શ્રી કે.જે. ખટાણા,ખેતી અધિકારી, રીવોલ્વીંગ ફંડ લગતી ફાઈલો/રજીસ્ટરો

(૭) શ્રી જીજ્ઞેશ આર. ભરડા, ખેતી મદદનીશ, પ્લાન, કુશળ/અર્ધકુશળ શ્રમયોગીની રજીસ્ટરો તથા ફાઈલો

(૮) કુ. અભિનયા એ. ગામીત, ખેતી મદદનીશ, ડેડસ્ટોક, તથા સ્ટોરને લગતા રજીસ્ટરો, ફાર્મ વિકાસના કામો, હરાજીને લગતી ફાઈલો, મજુરોને લગતી ફાઈલો/રજીસ્ટરો

(૯ ) શ્રી એચ.ડી. ગામીત, જુનીયર કલાર્ક, હિસાબી/વહીવટીને લગતી તમામ લાઈલો

**મુદ્દા નંબર :–૭ પોતાની કે સત્તામંડળે અનુસરવાની નીતિ અથવા તેના અમલીકરણ સંબંધમાં નાગરિકો સાથે વિચારવિનિમય માટે અથવા તેમના દ્વારા રજુઆત માટેની વિદ્યમાન ગોઠવણની વિગતો:–** અત્રેના કેન્દ્ર સંશોધનની કામગીરી કરતુ હોઈ સીધો જનસંપર્ક નથી.

**મુદ્દા નંબર :–૮ તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ, કાઉન્સિલ, સમિતિ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ :–** લાગુ પડતુ નથી.

**મુદ્દા નંબર :–૯ તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી:–**લાગુ પડતુ નથી.

**મુદ્દા નંબર :–૧૦ તો વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક મળતરની વિગતો:–**

| અ.નં | કર્મચારીનું નામ, હોદ્દો | પગાર ધોરણ |
|---|---|---|
| ૧. | ડૉ. વિપુલકુમાર પ્રાણજીવનભાઈ પટેલ | ૧૪૪૨૦૦–૨૧૮૨૦૦ |
| ૨. | ડૉ. પ્રકાશચંદ્ર નટવરલાલ. પરમાર | ૫૭૭૦૦–૧૮૨૪૦૦ |
| ૩. | ડૉ. મૌલિક રમેશભાઈ પ્રજાપતિ | ૫૭૭૦૦–૧૮૨૪૦૦ |
| ૪. | શ્રી મહેન્દ્રભાઈ નાનજીભાઈ ચૌધરી | ૩૯૯૦૦–૧૨૬૬૦૦ |
| ૫. | શ્રી કેશર જામાભાઈ ખટાણા | ૩૯૯૦૦–૧૨૬૬૦૦ |
| ૬. | શ્રી જીજ્ઞેશ કાનજીભાઈ ભરડા | ૨૫૫૦૦–૮૧૧૦૦ |
| ૭. | શ્રી હિરેનકુમાર ધુરીયાભાઈ ગામીત | ૨૬૦૦૦ ફીકસ પગાર |

**મુદ્દા નંબર :–૧૧ તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને કરેલી વહેંચણી પરના અહેવાલોની વિગતો દર્શાવતી તથા તે દરેક એજન્સીને ફાળવેલ નાણાંકીય સંશોધનોની વિગતો:–**

પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર સંશોધનની કામગીરી કરતુ હોય બીજી કોઈ પણ એજન્સી જોડે નાણાંકીય વ્યવહાર નથી. પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, વ્યારા ખાતે ચાલતી વિવિધ યોજનાઓની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | બજેટ સદર | યોજનાનું નામ | પ્લાન/નોન પ્લાન | પગાર ભથ્થા | રીકરીંગ |
|---|---|---|---|---|---|
| ૧. | ૫૦૦૩ | સ્કીમ ફોર રીસર્ચ ઈન પેડી (રોપાણ) | નોન પ્લાન | ૨૦૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ |
| ૨. | ૭૦૦૩ | સ્ટ્રેન્ધનીંગ રીસર્ચ ઈન રાઈસ | નોન પ્લાન | ૧૫૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૩. | ૫૦૦૮ | ઈન્ટીગ્રેટેડ ઓઈલ સીડ રીસર્ચ પ્રોજેકટ | નોન પ્લાન | ૯૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| ૪. | ૧૨૯૦૮ | સેન્ટર ઓફ એક્ષેલેન્સ યદ સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ ટેકનોલોજી | પ્લાન | - | ૭૫૫૦૦૦ |
| ૫. | ૧૨૯૧૬ | રીસર્ચ ઈન પેડી ઈન ટ્રાયબલ એરીયા | પ્લાન | - | ૮૫૮૦૦૦ |
| ૬. | ૧૨૯૪૬–સી | જીનેટીક એનહાન્સમેન્ટ ઓફ નીસ ક્રોપસ ઓફ સાઉથ ગુજરાત થ્રુ કન્વેન્સનલ એન્ડ બાયો ટેકનોલોજીકલ એપ્રોચીસ, રાઈસ | પ્લાન | - | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭. | ૧૨૦૧૫ | હાઈબ્રીડ રાઈસ રીસર્ચ પ્રોજેક્ટ | પ્લાન | ૧૫૦૩૦૦૦ | ૧૫૪૨૦૦૦ |
| ૮. | ૯૫૧૦–એન–૨૧ | રીવોલ્વીંગ ફંડ યોજના | રીવોલ્વીંગ | - | ૭૯૮૪૨૪૬ |
| ૯. | ૨૦૩૨ | AICRP Conducting Hybrid Rice Voluntry Trials | અધર | - | ૧૨૨૬૬૧ |
| ૧૦. | ૧૮૧૩૩/૦૧ | Paddy Hybrid Testing (Testing Fees) | અધર | - | ૫૯૬૯૪૦ |

**મુદ્દા નંબર :–૧૨ ફાળવેલી રકમો અને તેવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલ બજવણીની રીત :–**

સંશોધન કેન્દ્ર હોઈ નાગરિકોને સીધી કોઈ આર્થિક સહાય કરવામાં આવતી નથી.

**મુદ્દા નંબર :–૧૩ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવવાની વિગતો:–** સંશોધન યુનિટ હોય લાગુ પડતુ નથી.

**મુદ્દા નંબર :–૧૪ ઈલેકટ્રોનિક સ્વરૂપમાં ઉપલબ્ધ અથવા ધરાવેલી માહિતીને લગતી વિગતો:–**

નવસારી કૃષિ યુનિવર્સિટીના વેલસાઈટ www.nau.in પર સંશોધનને લગતી માહિતી મુકેલ છે.

**મુદ્દા નંબર :–૧૫ જાહેર ઉપયોગમાં માટે નિભાવવામાં આવતા હોય તેવા ગ્રંથાલય અથવા તેવા વાંચનલયના કામકાજના કલાકો સહીતની માહિતી તથા તે મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો:–**

અત્રેની કચેરી ખાતે નાગરીકો માટે ઉપબલ્ધ નથી.

**મુદ્દા નંબર :–૧૬ જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દાઓ અને બીજી વિગતો**

| ડૉ. વી.પી. પટેલ | |
|---|---|
| સહ સંશોધન વૈજ્ઞાનિક (કૃ.વ.),પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર,નવસારી કૃષિ યુનિવર્સિટી<br>વ્યારા, જી. તાપી, પીન નં. ૩૯૪ ૬૫૨ ગુજરાત | |
| ટેલીફોન નંબર | |
| ઓફીસ | ૦૨૬૨૬ ૨૨૦૨૧૨ |
| મોબાઈલ | ૦૮૪૬૯૪૧૭૩૭૪ |
| E-mail | rrrsvyara@nau.in,<br>rrrsvyara@yahoo.in |

**મુદ્દા નંબર :–૧૭ ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી :– ---નીલ---**

સંશોધન વૈજ્ઞાનિક(જી.પી.બી.)
પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
વ્યારા જિ. તાપી

<u>**એનક્ષર–એ**</u>

(સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧–૦૫–૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક –
પીએડી–૧૦–૨૦૦૭–૩૩૫૩૬૪–આરટીઆઈસેલનું બિડાણ)

<u>**પ્રમાણપત્ર**</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માહિતી અધિકાર અધિનિયમની કલમ–૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો 'પ્રોએકટીવ ડીસ્કલોઝર (P.A.D) મારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા. ૧–૫–૨૦૨૬ ની સ્થિતિએ અમારી મંજૂરી મેળવી અદ્યતન કરવામાં આવેલ છે.

તારીખઃ ૨૨/૫/૨૦૨૬

(વી.પી.પટેલ)

સંશોધન વૈજ્ઞાનિક(જી.પી.બી.)
પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર
ન.કૃ.યુ., વ્યારા
ફો.નં.(૦૨૬૨૬)૨૨૦૨૧૨
ઈ–મેઈલઃ rrrsvyara@yahoo.in
rrrsvyara@nau.in

**એનેક્ષર-બી (B)**

(સામાન્ય વહીવટ વિભાગના તા,૦૧.૦૫.૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક: પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઇસેલનું બિડાણ)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માનનીય સાહેબશ્રી, વડી કચેરી (પ્રોપર) તથા માનનીય સાહેબશ્રી, વહિવટી કાર્યક્ષેત્રનાં આ સાથેની યાદી મુજબનાં જાહેર સત્તામંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો " પ્રોએકટીવ ડીસ્કલોઝર " (P.A.D.) તૈયાર કરવામા આવી છે. અને તા. ૦૧/૦૫/૨૦૨૬ની સ્થિતિએ તે સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાદેશિક ચોખા **સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી,** વ્યારા દ્વારા અદ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે : મે / જુન ૨૦૨૬(વર્ષ) દરમ્યાન ઈન્સપેકશન –કમ – ઓડિટ કરવામાં આવ્યુ છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર અપુરતી વિગતો જણાઈ હતી તેની પુર્તતા કરવામાં આવી છે.

(૨) તા. ૩૦/૬/૨૦૨૬(વર્ષ) ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળનાં (પ્રોએક્ટીવ ડીસ્કલોઝર) ઈન્સપેકશન –કમ – ઓડિટ બાકી રહેલ નથી.

તારીખ : ૦૪/૦૬/૨૦૨૪
મુખ્ય મથક: નવસારી

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.

માનનીય સંશોધન નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારીની સૂચના મુજબના મુદ્દાઓ
(૧) ચાલુ વર્ષના વૈજ્ઞાનિક પ્રમાણે અખતરાઓની યાદી
વૈજ્ઞાનિકશ્રીના નામઃ ડૉ.વી.પી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક

## (1) PLANT BREEDING EXPERIMENTS-RICE

| SR. No. | Name of Experiment | B.H. |
|---|---|---|
| (A) | **Transplanted rice experiments** | |
| 1 | LSVT-Early-Coarse | 7003 |
| 2 | LSVT-Early-Medium | 5003 |
| 3 | LSVT-Early-Fine | 7003 |
| 4 | LSVT-Mid Late-Fine | 7003 |
| 5 | LSVT-Mid Late-Medium | 5003 |
| 6 | LSVT-Mid Late-Coarse | 7003 |
| 7 | LSVT Aromatic | 5003 |
| 8 | LSVT -Bio fortified | 7003 |
| 9 | LSVT -Bio fortified-Red Rice | 7003 |
| 10 | LSVT- NIL Salt | 5003 |
| 11 | SSVT-Early-Fine | 7003 |
| 12 | SSVT -Early-Medium | 5003 |
| 13 | SSVT -Early-Coarse | 7003 |
| 14 | SSVT-Mid Late-Fine | 7003 |
| 15 | SSVT-Mid Late-Medium& LS | 5003 |
| 16 | SSVT-Mid Late-Coarse | 7003 |
| 17 | SSVT –Aromatic | 5003 |
| 18 | SSVT –SB | 5003 |
| 19 | SSVT –Organic | 5003 |
| 20 | PET –Early | 5003 |
| 21 | PET -MS-II | 7003 |
| 22 | PET -MS-III | 7003 |
| 23 | PET -LB-II | 7003 |
| 24 | PET -LB-III | 7003 |
| (B) | **RFTP experiments** | |
| 25 | LSVT-RFTP | 5003 |
| 26 | SSVT-RFTP | 5003 |
| 27 | PET-RFTP-I | 5003 |
| 28 | PET-RFTP-II | 5003 |
| (C) | **Drilled/ Arobic experiments** | |
| 29 | LSVT-E-Drilled | 12916 |
| 30 | LSVT-Aerobic | 12916 |
| 31 | SSVT-E-Drilled | 12916 |
| 32 | SSVT-Aerobic | 12916 |
| 33 | PET-Drilled | 12916 |
| 34 | PET-Aerobic-II | 12916 |

| | | |
|---|---|---|
| **(D) AICRIP Trials** | | |
| 35 | AVT 1 & 2-Early-Transplanted | 2032 |
| 36 | IVT-Early- Transplanted | 2032 |
| 37 | AVT 2&1 Irrigated Mid- Early | 2032 |
| 38 | IVT - Irrigated Mid- Early | 2032 |
| 39 | AVT 2 & 1 -Medium Slender | 2032 |
| 40 | IVT-Medium Slender | 2032 |
| 41 | IHRT- Early | 12015 |
| 42 | IHRT- Mid- Early | 12946C |
| 43 | AVT -2 & 1 Aerobic | 2032 |
| 44 | IVT – Aerobic | 2032 |
| 45 | AVT- 1-Early-Direct seeded | 2032 |
| 46 | IVT-Early-Direct seeded | 2032 |
| 47 | AVT 2 & 1 - NIL and GEL | 2032 |
| 48 | AVT 1 – NIL-DRT | 2032 |
| **(E) Hybrid Trials** | | |
| 49 | LSHRT | 12946C |
| 50 | SSHRT | 12946C |
| 51 | PET-Hybrid | 12015 |

## (2) AGRONOMY EXPERIMENTS-RICE

| Sr. No. | Name of Experiment | B.H. |
|---|---|---|
| 52 | Performance of deeply sown gram (*Cicer arientinum* L.) under different level of irrigation and weed management in organic farming | 12908 |
| 53 | Nutrients management in summer rice (*Oryzae sativa* L.) for yield and lodging resistance | 12908 |
| 54 | Impact of spacing and nitrogen levels on growth and yield of hybrid rice (*Oryzae sativa* L.) | 12908 |
| 55 | SPAD based real time nitrogen management in transplanted rice (*Oryzae sativa* L.) | 12908 |

## (3) Other experiments-Summer/Rabi

| Sr. No. | Name of Experiment | B.H. |
|---|---|---|
| 56 | Large Scale Variety Trial- Sorghum Rabi | 7003 |

**વૈજ્ઞાનિકશ્રી ના નામઃ ડૉ. મૌલિક આર. પ્રજાપતિ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક**

(1) Integrated Oilseed Research Scheme (Rabi/*Summer*)

| Sr. No. | Name of Experiment | B.H. |
|---|---|---|
| 57 | Large Scale Varietal Trial –SB (Groundnut) | 5008 |
| 58 | Small Scale Varietal Trial –SB (Groundnut) | 5008 |

| | | |
|---|---|---|
| 59 | Large Scale Varietal Trial-SB Station (Groundnut) | 5008 |
| 60 | Preliminary Evaluation Trial- Station (Groundnut) | 5008 |
| 61 | Large Scale Varietal Trial - Sesame | 5008 |
| 62 | Large Scale Varietal Trial – Mustard | 5008 |
| 63 | | |

(2) Integrated Oilseed Research Scheme (*kharif*)

| Sr. No. | Name of Experiment | B.H. |
|---|---|---|
| 64 | Large Scale Varietal Trial –VG (Groundnut) | 5008 |
| 65 | Large Scale Varietal Trial –VR(Groundnut) | 5008 |
| 66 | Large Scale Varietal Trial –SB(Groundnut) | 5008 |
| 67 | Preliminary Evaluation Trial- Station (Groundnut) | 5008 |
| 68 | Large Scale Varietal Trial- Niger | 5008 |

**વૈજ્ઞાનિકશ્રી ના નામ: ડૉ.કેદારનાથ, સહ સંશોધન વૈજ્ઞાનિક (Pl.Pathol.)**

| **Sr. No.** | **Name of Experiment** | **B.H.** |
|---|---|---|
| 69 | Screening of rice promising genotypes against blast disease under artificial inoculation technique | 5003 |
| 70 | Screening of rice promising genotypes against bacterial leaf blight disease under artificial inoculation technique | 5003 |
| 71 | Screening of groundnut promising genotypes against stem rot disease under sick plot condition | 5008 |
| 72 | Screening of groundnut promising genotypes against early and late leaf spot disease under artificial inoculation condition | 5008 |
| 73 | Comparative study on major diseases incidence of drilled rice (*Oryza sativa L.*) in Natural, organic and conventional farming system. | 5003 |
| 74 | Comparative study on major diseases incidence of chickpea (*Cicer arietinum* L.) in Natural, organic and conventional farming system. | 5003 |
| 75 | Comparative study on major diseases incidence of groundnut (*Arachis hypogaea* L) in Natural, organic and conventional farming System. | 5008 |
| 76 | Comparative study on major diseases of Okra [*Abelmoschus esculentus* (L.) Moench] in Natural, organic and conventional farming system. | 5003 |

## (૨) કેન્દ્ર ખાતે વાવેતર થતા પાકોની આધુનિક ખેતી પધ્ધતિ

### (૧) રોપાણ ડાંગર

| ક્રમ | ખેતી પધ્ધતિની વિગત | : | ભલામણોની વિગતો |
|---|---|---|---|
| ૧ | જાતનું નામ | : | **(અ) વહેલી પાકતી જાતોઃ–**<br>(૧) જાડાદાણા વાળી(મમરા/પૌવા માટે):– જી.આર. ૧૭ (સરદાર)<br>(૨) ઝીણાદાણા વાળી જાતો :– જી.આર.૧૮ (દેવલી કોલમ), જી.આર.૨૧, જી.આર.૪<br>(૩) લાંબા પાતળા દાણાવાળી જાતોઃ– જી.આર.૨૪(નવસારી પરિમલ),જી.આર.૭, જી.એ.આર.૩, જી.એન.આર.૬,આઈ.આ.૨૮,<br>(૪) બાયોફોર્ટીફાઈડ (લાલ દાણા):– જી.એન.આર.૯ (લાલકડા ગોલ્ડ)<br>(૫) ઓરાણ ડાંગરઃ– પૂર્ણા, જી.આર.૧૬ (તાપી), જી.આર.૫, એ.એ.યુ.ડી.આર.૧<br>(૬) સંકર ડાંગરઃ– જી.એન.આર.એચ.–૧<br>(૭) સુંગધિત જાત :– જી.એન.આર.૧<br>**(બ) મધ્યમ મોડી પાકતી જાતોઃ–**<br>(૧) જાડાદાણા વાળીઃ– જી.આર. ૨૫(મહાત્મા), જી.એન.આર.૩, ગુર્જરી, જયા<br>(૨) ઝીણાદાણા વાળી જાતો :– જી.એ.આર.૧૩,જી.એન.આર.૭, જી.આર.૧૧, જી.એન.આર.૨<br>(૩) લાંબા પાતળા દાણાવાળી જાતોઃ– એન.એ.યુ.આર.૧, જી.એ.આર.૨<br>(૪) બાયોફોર્ટીફાઈડઃ–જી.આર.૨૩(નવસારી પોષ્ટીક),જી.આર.૨૬ (નવસારી લાલ મોતી), જી.આર.૧૫<br>(૫) એરોબીક ડાંગરઃ– જી.એન.આર.૮ (આરતી), જી.એ.આર.૨૦૧<br>(૬) ક્ષારીફ જમીનને અનુકૂળઃ– જી.આર.૧૯, દાંડી<br>(૭) સંકર ડાંગરઃ– જી.આર.એચ.૨<br>(૮) સુંગધિત જાતો :– જી.એ.આર.૧૪, જી.આર.૨૦<br>**(ક) મોડી પાકતી જાતોઃ–**<br>(૧) ઝીણાદાણા વાળી જાતો :– મસુરી, જી.આર.૧૦૩<br>(૨) સુંગધિત જાતો :– જી.આર.૧૦૧, જી.આર.૧૦૨, જી.આર.૧૦૪, નર્મદા<br>**ક્ષારીય જમીન માટે મધ્યમ મોડી જાતો** :– દાંડી, એસ.એલ.આર.–૫૧૨૧૪, જી.એન.આર.૨ |
| ૨ | જાત માટેનો અનુકુળ વિસ્તાર | : | પિયત રોપાણ અને એરોબીક ખેતી માટે |
| ૩ | પાક માટે અનુકુળ જમીન અને જમીનની તૈયારી | : | ગોરાળુ, બેસર,મધ્યમ કાળી કે ભારે કાળી જમીન ઉનાળામાં ઉડી ખેડ કરી જમીન તપવા દઈ પૂરતાં પ્રમાણમાં છાણીયુ ખાતર ઉમેરી કલ્ટીવેટર મારી જમીન તૈયાર કરવી. |
| ૪ | પાકનો વાવેતર સમય | : | જુન માસનું પ્રથમ પખવાડીયું |
| ૫ | બિયારણની માવજત | : | સર્ટીફાઈડ બીજ મશીન દ્વારા પ્રોસેસ કરેલ હોય તેમાંથી પોચ નીકળી ગઈ હોય છે. જો ઘરનું બીજ વાપરવું હોય તો વાવતા પહેલાં બીજને ૩ ટકાના મીઠાના દ્રાવણમાં (૧૦ લીટર પાણીમાં ૩૦૦ ગ્રામ મીઠું) બોળી ઉપર તરી આવતા બીજને કાઢી ફેંકી |

| | | | |
|---|---|---|---|
| | | | દેવા. જયારે નીચે બેઠેલા બીજને બહાર કાઢી ચોખ્ખા પાણીથી બે–ત્રણ વાર ધોઈને બીજને છાંયડામાં સુકવવા. ત્યારબાદ બીજ જન્ય રોગ અટકાવવા થાયરમ ફુગનાશક દવા ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૩ ગ્રામ લઈને બીજને પટ આપવો. સુકારાના રોગ માટે બીજને ધરુ નાંખતા પહેલાં ૨૪ લિટર પાણીમાં ૬.૦ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયકલીન + ૧૨ ગ્રામ પારાયુકત દવા (એમિસાન–૬)ના મિશ્રણમાં ૮ થી ૧૦ કલાક બોળીને છાંયડે સુકવ્યા બાદ વાપરવું અથવા એઝોકિસસ્ટ્રોબિન ૨૩ એસ.સી. ૧૦ મિલી દવા ૫ લિટર પાણીમાં ૧૦ કિ.ગ્રા.બીજને ૨ કલાક પાણીમાં પલાળીને વાવણી કરવાની જેથી સારા તંદુરસ્ત છોડનો ઉગાવો મળે અને છોડનો મૃત્યુદર નો ઘટાડો થાય. |
| ૬ | વાવેતરનું અંતર અને બીજનો દર | : | |
| | અ બે હાર વચ્ચેનું અંતર સે.મી. | : | ૨૦ રોપાણ માટે |
| | બ બે છોડ વચ્ચેનું અંતર સે.મી. | : | ૧૫ રોપાણ માટે |
| | ક બીજનો દર કિલો/હેકટર | : | ૨૫–૩૦ રોપાણ માટે અને ૪૦ એરોબીક ખેતી માટે |
| | ડ વાવેતર પધ્ધતિ | : | રોપાણ તથા લાઈનમાં ઓરીને |
| ૭ | **રાસાયણિક ખાતર અને દેશી ખાતરનો જથ્થો કિલો/હેકટર** | | |
| | અ રાસાણિક ખાતર | : | (નીચે કોષ્ટક) |

| અ.નં. | ખાતર આપવાનો સમય | વહેલી પાકતી જાત | | મધ્યમ મોડી પાકતી જાત | | મોડી પાકતી જાત | |
|---|---|---|---|---|---|---|---|
| | | હેકટર | વિઘા | હેકટર | વિઘા | હેકટર | વિઘા |
| ૧. | પાયાના ખાતર તરીકે રોપણી પહેલાં ઘાવલ કરતી વખતે | ૩૨ | ૮ | ૪૦ | ૧૦ | ૪૮ | ૧૨ |
| ૨. | ફૂટ વખતે | ૩૨ | ૮ | ૪૦ | ૧૦ | ૪૮ | ૧૨ |
| ૩. | જીવ પડે ત્યારે | ૧૬ | ૪ | ૨૦ | ૫ | ૨૪ | ૬ |
| | કુલ જરૂરીયાત | ૮૦ | ૨૦ | ૧૦૦ | ૨૫ | ૧૨૦ | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| | બ છાણિયુ ખાતર | : | ૧૦ ટન /હે. |
| ૮ | નિંદામણ અને આંતરખેડ | : | ડાંગરના પાકને રોપણી બાદ ૧૫ થી ૪૫ દિવસ સુધી નિંદણ મુકત રાખવો. ફેરરોપણી બાદ ૧૫ દિવસે આંતરખેડ કરવી અને ૨–૩ નિંદણ કરવા. મજુરોની અછત હોય તો નિંદણ નાશક દવાઓનો ઉપયોગ કરી શકાય છે. કયારીમાં પાણીનું યોગ્ય પ્રમાણ જાળવવાથી પણ નિંદણ ઓછું થાય છે. ડાંગર પાક માટે પ્રિ અને પોસ્ટ ઈમરજન્સ દવાની માહિતી નીચે મુજબ છે.<br>નિંદણ નાશક દવાનું પ્રમાણ |

| નિંદણનાશક | પ્રમાણ | | ૧૦ લીટર પાણીમાં નાખવાની દવા |
|---|---|---|---|
| | સક્રીય તત્વ (ગ્રા/હે) | હેકટરમાં વ્યાપારીક જરૂરી દવાનો જથ્થો (૫૦૦ લીટર પાણીમાં) (ગ્રા/હે) | |
| **પ્રિ ઈમરજન્સ* (૧–૨ દિવસ)** | | | |
| પેન્ડીમીથેલીન ૩૦ ઈ.સી. | ૧૦૦૦ | ૩૩૩૩ | ૬૬ |
| પ્રિટિલાકલોર ૩૦% + પાયરાઝોસલફયુરોન ઈથાઈલ ૦.૭૫% ડબ્લુ.જી (પ્રિમિક્ષ) | ૬૦૦ + ૧૫ | ૨૦૦૦ | ૪૦ |
| **અર્લી પોસ્ટ ઈમરજન્સ (૧૦–૧૫ દિવસ)** | | | |
| પેનોક્ષ્સુલામ ૧.૦૨% + સાયહેલોફોપ– બ્યુટાઈલ ૫.૧% ઓ.ડી. (પ્રિમિક્ષ) | ૧૨૦ | ૧૯૬૧ | ૪૦ |
| ટ્રાઈફેમોન ૨૦% + ઈથોક્ષીસલ્ફુરોન ૧૦% | ૪૪.૦ + ૨૨.૫ | ૨૨૨ | ૪.૫ |

* પ્રિ ઈમરજન્સ દવા રેતીમાં ભેળવીને પણ આપી શકાય

૯ **પાકની મુખ્ય જીવાત અને નિયંત્રણ :**

(૧) **ગાભમારાની ઈયળ:–** (એ)ડાંગરની ફેરરોપણી પહેલાં પાનની ટોચ તોડવાથી ટોચના ભાગમાં મુકાયેલ ડાંગરના ગાભમારાના ઈંડાના સમુહનો નાશ કરી શકાય છે.

(બી)સામાન્ય રીતે ધરુવાડિયામાં કારટેપ હાઈડ્રો કલોરાઈડ દવાની માવજત આપેલ હોય તો ૪૫ દિવસ સુધી બીજી માવજતની જરૂર રહેતી નથી આમ છતાં મોજણી કરતાં પ્રતિ ચો.મી. ૧ ગાભમારાનું કે ફુદું કે ઈંડાનો સમૂહ જોવા મળે તો ૧ હેકટર દીઠ કાર્બોફયુરાન દવા (૩૩ કિલો/હે) અથવા કારટેપ હાઈડ્રો કલોરાઈડ ૪% (૨૫ કિલો/હે) અથવા કલોરાન્ટોનીલીપ્રોલ ૪% ( ૧૦ કિલો/હ) મુજબ આપવાથી ગાભમારાની ઈયળ ઉપરાંત થડ ઉપર નુકસાન કરતા ચૂસિયા અને પાન વાળનાર ઈયળનલ ઉપદ્રવ કાબુમાં રહે છે.

(૨) **ચુસિયા પ્રકારની જીવાતો:–** જો બદામી ચુસિયા ૫–૧૦ બચ્ચાં અથવા પુખ્ત/થુમડુ હોય તો ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એમ.એલ. ૩ મીલી અથવા ફેનુકાર્બ ૫૦ વે.પા. ૨૦ મીલી અથવા થાયોમેથોકઝામ ૨૫ ડબલ્યુ જી. ૨ ગ્રામ અથવા સ્પાયરોમેસીફેન ૨૪૦ એસ.સી. ૧૦ મિ.લિ. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.દવા છોડના થુમડા પર પડે તે રીતે છાંટવી. કયારીમાં નુકશાન નાના ટાલામાં જોવા મળે તો ટાલા અને તેની ફરતે બેવડા વિસ્તારમાં ઉપર મુજબની દવાનો તાત્કાલિક છંટકાવ કરી દેવો. આખી કયારીમાં દવાનો છંટકાવ કરવો જરુરી નથી.ડાંગરના આવર્તક પર્ણતલની કથીરી અટકાવવા માટે કથીરીનાશક દવા જેવી કે પ્રાપરગાઈડ ૫૭ ઈસી ૧૦ મિ.લિ. અથવા સ્પાયરોમેસીફેન ૨૪૦ એસસી ૧૦ મિ.લિ. અથવા ફેનપાયરોડીમેટ ૫ એસસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવાથી અસરકારક નિયંત્રણ મળે છે. કંટીના ચુસિયા માટે કલોરપાયરીફોસ ૨૫ ઈસી ૨૦ મીલી અથવા એસીટામીપ્રીડ ૨૦ એસ.સી. ૨ ગ્રામ પ્રમાણે ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

| | | | | |
|---|---|---|---|---|
| | (૩) પાનવાળનારી ઈયળ તેની થુમડા દીઠ ૨ ઈયળ સહિતના નુકશાનવાળા પાનની ક્ષમ્યમાત્રા વટાવે ત્યારે ડાંગરના ગાભમારામાં દર્શાવેલ પ્રવાહી દવામાંથી કોઈ પણ એકનો છંટકાવ કરવાથી નિયંત્રણ કરી શકાય છે.<br>(૪) લશ્કરી ઈયળના જીવાતને અટકાવવા માટે કિવનાલફોસ ૧.૫ % ભૂકારૂપ દવા (૨૫ કિલો/હે.) છંટકાવ સાંજના સમયે કરવો.<br>(૫) કરચલાનાં નિયંત્રણ માટે રાંધેલા ભાત ૯૦૦ ગ્રામ + કાર્બારીલ ૧૦૦ ગ્રામ + ગોળ ૨૦ ગ્રામ ના નાના લાડવા (ગોળીઓ) બનાવી કરચલાના દરમાં મુકવા.<br>(૬) ઉંદરના નિયંત્રણ માટે ઝીંક ફોસ્ફાઈડ ૨% ની ઝેરી પ્રલોભિકા (૧ ભાગ ઝેર + ૪૯ ભાગ ભરડેલું અનાજ) અથવા બ્રોમાડિવોલોન ૦.૦૦૫% ની વેક્સ કેકનો ઉપયોગ કરવો.<br>(૭) અળસી (ઓલીગોકીટસ)ના નિયંત્રણ માટે પાણી નિતારી, કાર્બોફયુરાન ૩ % દાણાદાર દવા ૧૮ કિગ્રા/હે આપી ત્રીજે દિવસે એમોનિયમ સલ્ફેટ ખાતર આપી હળવું પિયત આપવું. | | | |
| ૧૦ | **પાકના મુખ્ય રોગ નિયંત્રણઃ**<br>(**૧**)કરમોડીનો રોગ અટકાવવા ટ્રાયસાયકલોઝોય ૭૫ વે.પા. (૬ ગ્રામ) અથવા કાર્બેન્ડેજીમ ૫૦ વે.પા.૧૦ ગ્રામ અથવા થાયોકેનેટ મિથાઈલ ૭૦ વે.પા. (૧૦ ગ્રામ) અથવા એડીફેનફોસ ૫૦ ઈસી. (૧૦ મિ.લિ.) અથવા હેકઝાકોનોઝોલ ૧૦% ડબલ્યુજી (૧૦ ગ્રામ) અથવા ટેબુકોનાઝોલ ૫૦% + ટ્રાયફલોકસીસ્ટ્રોલીન ૨૫% ડબલ્યુજી (૫ ગ્રામ) ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૫ દિવસનાં અંતરે છંટકાવ કરવો.<br>(**૨**) ઝાળનો રોગ દેખાય તો તાત્કાલિક રોગિષ્ટિ છોડને ઉખેડી નાશ કરવો, નાઈટ્રોજન ખાતરનો ઉપયોગ બંધ કરવો અને ૦.૫ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયકલીન + ૧૦ ગ્રામ કોપર ઓકિસકલોરાઈડના ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૦ થી ૧૨ દિવસના અંતરે બે છંટકાવ કરવા.<br>(૩) ભુખરી કંટીના રોગ માટે કંટી નીકળવાની અવસ્થાથી શરૂ કરી ૧૦ દિવસનાં અંતરે મેન્કોઝેબ ૭૫ વે.પા.૩૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.<br>(૪) પર્ણચ્છેદનો કહોવારો રોગને અટકાવવા માટે ડોડા અવસ્થાના સમયે પ્રોપીકોનાઝોલ ૨૫ ઈ.સી. (૧૦ મિ.લિ.) અથવા મેનકોઝેબ ૭૫% વે.પા. (૩૦ ગ્રામ) અથવા કાર્બેન્ડાઝીમ ૫૦% (૧૦ ગ્રામ) અથવા વેલીડામાયસીન ૩% એસ.એલ.(૧૦ મિ.લિ.) ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૦ દિવસના અંતરે બે છંટકાવ કરવો. | | | |
| ૧૧ | **પિયતની સંખ્યા** | | : | પાકની નીચે મુજબની કટોકટી અવસ્થાએ પાણીની ખેચ ન પડે તે મુજબ ખેતરમાં પાણી રેલાવીને પિયત આપવુ.<br>ફુટ અવસ્થા, કંટી નીકળવાની અવસ્થા અને દાણા ભરાવાની અવસ્થા |
| ૧૨ | **કાપણીનો સમય** | | : | |
| | **અ** | **પાકવાના દિવસો** | | પાક પીળો પડે અને દાણા પરિપકવ થાય ત્યારે કાપણી કરવી. ડાંગરના પાકમાં કાપણીનો સમય ખાસ સાચવવો.કાપણીનો સમય જાળવવામાં ડાંગરના દાણા ખરી પડવાનો અને ચોખામાં કણકીનું પ્રમાણ ઘટે છે. સામાન્ય રીતે ડાંગરના પાકમાંથી કંટી નીકળ્યા બાદ (ફુલ ખીલ્યા બાદ) ૨૫ થી ૩૦ દિવસે ડાંગરનો પાક લણવાને લાયક બને છે. જેથી આ સમયે ડાંગરની સમયસર કાપણી કરવાથી ચોખાનું પ્રમાણ વધુ મળે છે. |

(૨) ઓરાણ ડાંગર

| ક્રમ | ખેતી પધ્ધતિની વિગત | | : | ભલામણોની વિગતો |
|---|---|---|---|---|
| ૧ | જાતનું નામ | | : | જી.આર.–૧૬(તાપી), પૂર્ણા, જી.આર.–૫, જી.આર.–૮, જી.આર.–૯, સાઠી ૩૪–૩૬, અશોકા ૨૦૦ એફ, એ.એ.યુ.ડી.આર.–૧ તે ઉપરાંત રોપાણ માટે ભલામણ થયેલ જી.આર.–૩, આઈ.આર.–૨૮, જી.એન.આર.–૬ જેવી વહેલી પાકતી જાતો પણ ઓરાણ માટે પસંદ કરી શકાય. |
| ૨ | જાત માટેનો અનુકુળ વિસ્તાર | | : | ઓરાણ ખેતી માટે |
| ૩ | પાક માટે અનુકુળ જમીન અને જમીનની તૈયારી | | : | ગોરાળુ, બેસર,મધ્યમ કાળી કે ભારે કાળી જમીન ઉનાળામાં ઉડી ખેડ કરી જમીન તપવા દઈ પૂરતાં પ્રમાણમાં છાણીયુ ખાતર ઉમેરી કલ્ટીવેટર મારી જમીન તૈયાર કરવી. |
| ૪ | પાકનો વાવેતર સમય | | : | ચોમાસાની શરૂઆતમાં |
| ૫ | બિયારણની માવજત | | : | ૩ ગ્રામ/૧ કિ.ગ્રા. બિયારણ પ્રમાણે પારાયુકત/ફુગનાશક દવાનો પટ આ[illegible] વાવેતર કરવું. |
| ૬ | વાવેતરનું અંતર અને બીજનો દર | | : | |
| | અ | બે હાર વચ્ચેનું અંતર સે.મી. | : | ૩૦ |
| | બ | બે છોડ વચ્ચેનું અંતર સે.મી. | : | – |
| | ક | બીજનો દર કિલો/હેકટર | : | ૬૦ |
| | ડ | વાવેતર પધ્ધતિ | : | ઓરાણ |
| ૭ | રાસાયણિક ખાતર અને દેશી ખાતરનો જથ્થો કિલો/હેકટર | | | |
| | અ | રાસાણિક ખાતર | : | ૭૫:૨૫::૦૦ નાફોપો કિગ્રા/હે<br>૩૭.૫:૨૫:૦૦ પાયાના ખાતર તરીકે<br>૩૭.૫:૦૦:૦૦ કંટી નીકળવાની અવસ્થાએ |
| | બ | છાણિયુ ખાતર | : | ૧૦ ટન /હે. |
| ૮ | નિંદામણ અને આંતરખેડ | | : | – બ્યુટાકલોર ૧.૫ કિગ્રા સ.ત./હે રોપણીના બીજા અથવા ત્રીજા દિવસે ૪૦–૫૦ કિગ્રા બારીક રેતીમાં દવા મીક્ષ છાંટવી.<br>– ૨ હાથ નિંદામણ ૧૫ દિવસના અંતરે રોપણીના એક માસ બાદ કરવા. |
| ૯ | પાકની મુખ્ય જીવાત અને નિયંત્રણ | | : | **–ગાભમારાની ઈયળ**<br>નિયંત્રણ માટે કાર્બોફ્યુરાન ૩% દાણાદાર દવા ૨૫કિગ્રા/હે મુજબ ખાતરના બીજા હપ્તા સાથે આપવી.<br>**–શીથ માઈટ**<br>નિયંત્રણ માટે કવીનાલફોસ દવા ૨૦મીલી/૧૦ લીટર પાણીમાં મીક્ષ કરી છંટકાવ કરવો.<br>**–ગંધી બગ (ઈયરહેડ બગ)**<br>નિયંત્રણ માટે કલોરોપાયરીફોસ દવા ૨૦મીલી/૧૦ લીટર પાણીમાં મીક્ષ કરી છંટકાવ કરવો. |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | **પાકના મુખ્ય રોગ નિયંત્રણ** | : | **– બેકટેરીયલ લીફ બ્લાઈટ (ઝાળ)**<br>નિયંત્રણ માટે ૫૦ પીપીએમ સ્ટ્રેપ્ટોસાયકલીન + ૫૦૦ પીપીએમ કોપર ઓકસીકલોરાઈડ અથવા ૧૦૦ પીપીએમ પૌસામાયસીન અથવા ૫૦૦ પીપીએમ કોપર હાઈડ્રોકસાઈડ (કોસાઈડ) ના બે છંટકાવ ૧૫ દિવસનાં અંતરે કરવા.<br>**કરમોડી/ખડખડિયોઃ–**<br>આ રોગના નિયંત્રણ માટે ધરૂ નાખતાં પહેલાં ૧ કિલો બીજ દીઠ ૩ ગ્રામ થાયરમ કે કાર્બેન્ડાઝીમ ફુગનાશકનો પટ આપવો. ધરૂવાડીયામાં રોગ દેખાય કે તરત<br>**–શીથ રોટ**<br>નિયંત્રણ માટે મેન્કોઝેબ (૩ ગ્રામ/લી) અથવા પ્રોપેકોનાઝોલ (૧ મીલી/લી)ના ત્રણ છંટકાવ ૧૦ દિવસના અંતરે રોગની શરૂઆત થાય ત્યારથી કરવા. |
| ૧૧ | **કાપણીનો સમય** | : | પાક પીળો પડે દાણા પરિપકવ થાય ત્યારે કાપણી કરવી. |

**(૩) મગફળી** :ઉનાળુ મગફળીમાં વધુ ઉત્પાદન મેળવવા માટેના ચાવી રૂપ મુદ્દાઓ

- જાતો ની પસંદગી : ઉભડી જાતો જેવીકે, જીજી-૨, જીજી-૬, જીજેજી-૯, ટીજી-૩૭ એ, જીજેજી-૩૧ ટીપીજી-૪૧ અથવા જીજી-૩૪ નુ વાવેતર કરવુ.
- જમીન અને જમીનની તૈયારી : મગફળીના પાકને મધ્યમ કાળી, રેતાળ અને ગોરાળુ જમીન વધુ માફક આવે છે. જે જમીનમાં ઘૈણ જેવી જીવાતનો ઉપદ્રવ થતો હોય ત્યાં કાર્બોફુરાન ૩ %સીજી નામની દાણાદાર દવા હેકટર દીઠ .૩૩ કિલોગ્રામ મુજબ ચાસમાં આપવી.
- વાવેતર સમય : દ્દક્ષિણ ગુજરાતમાં જાન્યુઆરીનું બીજુ અઠવાડીયાથી ચોથા અઠવાડીયા સુધી અને મધ્ય ગુજરાતમાં જાન્યુઆરીનું ત્રીજુ અઠવાડીયુ.
- વાવેતર અંતર અને બિયારણનો દર : ૩૦×૧૦ સેનું અંતર રા.મી.ખી પ્રતિ હેકટરે ૧૨૦ થી ૧૩૦ કિબિયારણનો દર રા .ગ્રા.ખવો.
- બીજની માવજત : મગફળીમાં બીજ અને જમીનજન્ય રોગો માટે કાર્બેન્ડાઝીમ ૧૨% + મેન્કોઝેબ ૬૩% - ૭૫ વેપા ૩.૦ ગ્રામ/કિલો બીજ અથવા મેન્કોઝેબ ૭૫ વેપા ૪.૦ ગ્રામ/કિલો બીજ અથવા કાર્બોક્સીન ૩૭.૫% + થાયરમ ૩૭.૫% - ૭૫ વેપા ૩.૦ ગ્રામ/કિલો બીજ અથવા ટેબ્યુકોનાઝોલ ૨ ડીએસ ૧.૫ ગ્રામ/કિલો બીજ. ચૂસીયાં પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૬૦૦ એફએસ ૩.૦ મિ.લિ./કિલો બીજ માવજત આપવો.
- રાસાયણિક ખાતર અને દેશી ખાતરઃ હેકટર દીઠ ૮ થી ૧૦ ટન છાણીયુ ખાતર જમીનમાં ઉમેરવું, આ ઉપરાંત પ્રતિ હેકટરે ૨૫ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૫૦ કિ.ગ્રા. ફોસ્ફરસ ખાતરો ચાસમા ઓરીને આપવા અથવા ડાંગર-ઉનાળુ મગફળી પાક

પધ્ધતિમાં સેન્દ્રીય ખેતી અપનાવવા માટે ૧.૫ ટન છાણીયું ખાતર, ૧ ટન વર્મીકમ્પોસ્ટ અને ૧૭૦ કિ.ગ્રા. દિવેલી ખોળઆપવું.

- નિંદામણ અને આંતર ખેડ :મગફળીના પાકને પ્રથમ ૪૫ દિવસ નિંદામણમુકત રાખવો ખુબ જ જરુરી છે. આ માટે બે આંતર ખેડ તથા હાથથી નિંદામણ કરવું જરુરી છે. રાસાયણિક નિંદામણ નિયંત્રણ માટે પેન્ડીમીથાલીન ૩૮.૭% સી.એસ. ૧ કી.ગ્રા.સક્રીય તત્વ/હે. ૫૦૦ લી. પાણીમા ઓગાળી વાવણી બાદ તુરત જ અને બિયારણના સ્ફૂરણ પહેલા જમીન ઉપર છંટકાવ કરવો. અને મગફળી ૨૫ દિવસની થાય ત્યારે ઈમીજેથાફાયર ૧૦% એસ.એલ. ૧૦૦૦-૧૫૦૦ મીલી અથવા ઈમીજેથાફાયર ૩૫% + ઈમીજામોક્ષ ૩૫% ડબ્લુ.જી. ૧૨૫ ગ્રામ + ૧૦૦૦ મીલી એડજુવેન્ટ /હે. પ્રમાણે ૫૦૦ લી. પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરવો.
- મગફળીની પીળાશ : જે જમીનમા મગફળી પીળી પડી જતી હોય ત્યાં વાવેતર બાદ ૩૫ થી ૪૦ દિવસે ૧૦૦ ગ્રામ હીરાકસી અને ૧૦ ગ્રામ લીંબુના ફુલ ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.
- જીવાત નિયંત્રણ :ચુસીયા પ્રકારની જીવાત (મોલોમશી, તડતડીયા, થ્રીપ્સ), : શોષક પ્રકારની જંતુનાશક દવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસ.એલ.(૨.૮ મી.લી.), ડાયમીથોએટ(૧૦ મી.લી.), થાયોમીથોકઝામ (૨.૪ ગ્રામ), એસીટામીપ્રીડ(૨ ગ્રામ) માંથી કોઈ એક દવા ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. દવાનો પહેલો છાંટકાવ જીવાતનો ઉપદ્રવ શરૂ કર્યાના અને બીજો ૧૦ દિવસના અંતરે કરવાની સલાહ આપવા આવે છે. કાપણી અને છેલ્લા છંટકાવ વચ્ચેનો સમયગાળો ૪૦ દિવસ રાખવો.
- લીલી ઈયળ (હેલીયોથીસ) : કવીનાલફોસ (૨૦ મી.લી. ), નોવાલુરોન ૫.૨૫% + ઇન્ડોઝાકાર્વ ૪.૨૫% (૧૭.૫ મી.લી.) દવા ૧૦ લીટર પાણી માં ઓગાળી છંટકાવ કરવો.

  પાન ખાનરી ઈયળ (પ્રોડોનીયા) : મીથોમાઈલ (૧૨.૫ ગ્રામ), કલોરપાયરીફોસ(૨૫ મી.લી.), કવીનાલફોસ (૨૦ મી.લી.), સ્પીનોસેડ (૩ મી.લી.) માંથી કોઈ એક દવા ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટાકવ કરવો.

  રોગ નિયંત્રણ :
- ઉગસુક : બીજને વાવતા પહેલા એક કિલો બીજ દીઠ ૩ ગ્રામ થાયરમ કે મેન્કોઝેબ જેવી ફુગનાશક દવાનો પટ આપવો.

- થડનો કોહવારો : વાવેતર સમયે ચાસમાં પ્રતિ હેક્ટરે ૨.૫ કિ.ગ્રા. ટ્રાયકોડર્મા યુકત પાવડર ૧૨૫ કિ.ગ્રા. દેશી ખાતર અથવા દિવેલીના ખોળ સાથે ભેળવી જમીનમાં ચાસમાં આપવો.
- ટીકકા અને ગેરુ : મગફળીમાં પાનના ટીકકા અને ગેરુના સંકલીત નિયંત્રણ માટે પાક ૩૫ થી ૪૦ દિવસનો થાય ત્યારે કલોરોથેલોનીલ (૨૫ ગ્રામ), મેન્કોઝેબ (૨૫ ગ્રામ), ટ્રાઈડીમોર્ફ (૫ મી.લી.), હેકઝાકોનાઝોલ (૫ મી.લી.) માંથી કોઈ એક દવા ૧૦ લીટર પાણીમાં ઓગાળી ૧૨ થી ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવા.
- વધારાના પિયત :પ્રથમ પિયત વાવણી બાદ તુરત જ આપવુ, ત્યારબાદ કુલ પાંચથી સાત પિયત આપવુ જોઇએ. જમીનમા સૂયા બેસવા વખતે તેમજ ડોડવાના વિકાસ ના સમયે પાણીની અછત પડવી જોઇએ નહિ તેની કાળજી રાખવુ.
- બીજુ પિયત ૧૮ થી ૨૦ દિવસે વૃધ્ધિ પર અંકુશ રાખવા, ત્રીજુ અને ચોથુ પિયત ૩૦ અને ૪૦ દિવસે જમીનમા સૂયા બેસવા વખતે તેમજ પાંચથી સાત પિયત ૭ થી ૮ દિવસના અંતરે ડોડવાના વિકાસ માટે આપવા અને બાકીના બે પિયત ૮ થી ૧૦ દિવસના અંતરે કાપણી પહેલા આપવા.
- કાપણી અને ઉત્પાદન :ઉનાળુ મગફળી આશરે ૧૨૦ દિવસે કાપણી માટે તૈયાર થઈ જાય છે અને સાનુકુળ પરિસ્થિતિમાં આશરે ૨૫૦૦ થી ૩૫૦૦ કિલો ગ્રામ/ હેકટરે ઉત્પાદન મળે છે.

(૪) કેન્દ્ર ખાતેના પાકની સેન્દ્રીય ખેતી પધ્ધતિ

અનુક્રમ નંબર–૩ મુજબ જેમાં રાસાયણિક ખાતર તથા નિદાંમણ નાશક તથા જંતુનાશક દવાનો ઉપયોગ કરવો નહી. રાસાયણિક ખાતરની જગ્યાએ સેન્દ્રિય ખાતર જેવાકે છાણિયુ ખાતર, બાયોકમ્પોસ્ટ, વમીકમ્પોસ્ટનો ઉપયોગ વધારવો તથા જૈવિક ખાતરોનો ઉપયોગ કરવો.

**(૫) પ્રકાશીત થયેલ સંશોધન પેપરો**

**નીલ**

**(૬) બહાર પાડવામાં આવેલ વર્ષવાર ભલામણોની વિગત**

**(અ) પાક સુધારણાઃ–** આ કેન્દ્ર દ્વારા નીચે મુજબની ૫૧ ડાંગરની અને ૧૩ મગફળી અને અન્ય બાર જાતો બહાર પાડવામાં ફાળો છે.

૧. ડાંગર:

| અ.નં. | જાતનું નામ | બહાર પાડયા વર્ષ | અ.નં. | જાતનું નામ | બહાર પાડયા વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | આઈઆર–૨૮ | ૧૯૭૫ | ૨૯ | જી.એ.આર.–૧૩ | ૨૦૦૯ |
| ૨ | જીઆર–૩ | ૧૯૭૭ | ૩૦ | જી.એ.આર.–૧ | ૨૦૧૦ |
| ૩ | જીઆર–૪ | ૧૯૮૧ | ૩૧ | જી.અને.આર.–૨ | ૨૦૧૧ |
| ૪ | જીઆર–૫ | ૧૯૯૦ | ૩૨ | જી.એન.આર.–૩ | ૨૦૧૨ |
| ૫ | જીઆર–૬ | ૧૯૯૧ | ૩૩ | જી.એન.આર.–૪ | ૨૦૧૩ |
| ૬ | જીઆર–૭ | ૨૦૦૦ | ૩૪ | પૂર્ણા | ૨૦૧૪ |
| ૭ | જીઆર–૮ | ૨૦૦૦ | ૩૫ | મહીસાગર | ૨૦૧૫ |
| ૮ | જીઆર–૯ | ૨૦૦૧ | ૩૬ | જી.એન.આર.–૫ | ૨૦૧૬ |
| ૯ | જીઆર–૧૧ | ૧૯૭૭ | ૩૭ | જી.એન.આર.–૬ | ૨૦૧૬ |
| ૧૦ | જીઆર–૧૨ | ૨૦૦૪ | ૩૮ | જી.એન.આર.એચ.–૧ | ૨૦૧૬ |
| ૧૧ | ગુર્જરી | ૧૯૯૭ | ૩૯ | જી.એન.આર.૭ | ૨૦૧૭ |
| ૧૨ | જયા | ૧૯૬૮ | ૪૦ | જી.આર.એચ.–૨ | ૨૦૧૮ |
| ૧૩ | આઈઆર–૨૨ | ૧૯૭૫ | ૪૧ | જી.આર.૧૭(સરદાર) | ૨૦૧૯ |
| ૧૪ | મસુરી | ૧૯૬૮ | ૪૨ | જી.આર.૧૬(તાપી) | ૨૦૧૯ |
| ૧૫ | દાંડી | ૨૦૦૦ | ૪૩ | જી.આર.૧૮ (દેવલીકોલમ) | ૨૦૨૦ |
| ૧૬ | જીઆર–૧૦૧ | ૧૯૮૪ | ૪૪ | જી.આર.૧૯ | ૨૦૨૦ |
| ૧૭ | જીઆર–૧૦૨ | ૧૯૮૭ | ૪૫ | જી.એન.આર.૮ (આરતી) | ૨૦૨૦ |
| ૧૮ | જીઆર–૧૦૩ | ૧૯૯૦ | ૪૬ | જી.એન.આર.૯(લાલકડા ગોલ્ડ) | ૨૦૨૧ |
| ૧૯ | જીઆર–૧૦૪ | ૧૯૯૧ | ૪૭ | જી.આર.૨૦ | ૨૦૨૧ |
| ૨૦ | નર્મદા | ૧૯૯૧ | ૪૮ | જી.આર.૨૧ | ૨૦૨૧ |
| ૨૧ | સાઠી–૩૪–૩૬ | ૧૯૫૫ | ૪૯ | જી.આર.૨૨ | ૨૦૨૧ |
| ૨૨ | સુખવેલ | ૧૯૫૫ | ૫૦ | જી.આર.૨૩ | ૨૦૨૨ |
| ૨૩ | ઝેડ–૩૧ | ૧૯૫૫ | ૫૧ | જી.આર.૨૪ (નવસારી પરિમલ) | ૨૦૨૨ |
| ૨૪ | કડા–૧૭૬–૧૨ | ૧૯૫૫ | ૫૨ | જી.આર.૨૫ (મહાત્મા) | ૨૦૨૩ |
| ૨૫ | એનએયુઆર–૧ | ૨૦૦૭ | ૫૩ | જી.આર.૨૬ (નવસારી લાલમોતી) | ૨૦૨૩ |
| ૨૬ | અશોકા–૨૦૦એફ | ૨૦૦૬ | ૫૪ | જી.આર.૨૭ (નવસારી ભીમ) | ૨૦૨૫ |
| ૨૭ | એન.એ.યુ.આર–૧ | ૨૦૦૭ | ૫૫ | જી.આર.૨૮ (વાલ્મીકી) | ૨૦૨૫ |
| ૨૮ | જી.એન.આર.–૨ | ૨૦૦૯ | | | |

૨. મગફળી:

| અ.નં. | જાતનું નામ | બહાર પાડયા વર્ષ |
|---|---|---|
| ૧ | જીજેજી–એચપીએસ–૧ | ૨૦૦૯ |
| ૨ | જીજેજી–૯ | ૨૦૧૦ |
| ૩ | જીજેજી–૩૧ | ૨૦૧૦ |

| | | |
|---|---|---|
| ૪ | જી.જે.જી.–૧૭ | ૨૦૧૧ |
| ૫ | જી.જે.જી.–૨૨ | ૨૦૧૧ |
| ૬ | જી.જે.જી.–૩૨ | ૨૦૧૭ |
| ૭ | જી.જી.–૩૪ | ૨૦૧૮ |
| ૮ | જી.જી.–૪૧ | ૨૦૧૯ |
| ૯ | જી.જી.–૩૫ | ૨૦૨૦ |
| ૧૦ | જી.જી.–૨૩ | ૨૦૨૦ |
| ૧૧ | જી.જી. ૩૭ | ૨૦૨૧ |
| ૧૨ | જી.જી. ૩૮ | ૨૦૨૧ |
| ૧૩ | જી.જી. ૩૯ | ૨૦૨૨ |

૩. અન્ય પાક

| અ.નં. | જાતનું નામ | બહાર પાડયા વર્ષ |
|---|---|---|
| ૧ | દિવેલા (જી.એન.સી.એચ.–૧) | ૨૦૧૫ |
| ૨ | ખરસાણી(જી.એન.એન.આઈ.જી.–૩) | ૨૦૧૫ |
| ૩ | મગ (જી.એમ.–૬) | ૨૦૧૬ |
| ૪ | શકકરીયા (ભુકાંતી) | ૨૦૧૬ |
| ૫ | મગ (જી.એમ.–૭) | ૨૦૧૭ |
| ૬ | જુવાર (ફુલે રેવતી) | ૨૦૧૭ |
| ૭ | ટામેટા (જી.ટી.–૭) | ૨૦૧૭ |
| ૮ | રીંગણ (જી.એન.આર.બી.–૧) | ૨૦૧૭ |
| ૯ | ભીંડા (નવસારી–૧) | ૨૦૧૮ |
| ૧૦ | સુરણ જી.ઈ.એફ.વાય.૧ (સ્વાગતા) | ૨૦૨૦ |
| ૧૧ | ગુજરાત મસ્ટર્ડ (જી.એમ.–૬) | ૨૦૨૧ |
| ૧૨ | ગુજરાત મસ્ટર્ડ (જી.એમ.–૮) | ૨૦૨૨ |

**(બ) ખેત પધ્ધતિઓ અંગેની ભલામણોઃ**

| અ.નં. | વર્ષ | ભલામણની વિગત |
|---|---|---|
| ૧ | ૧૯૮૫ | ડાંગરની સીઆર–૧૩૮–૯૨૮ જાતમાં નાઈટ્રોજન ૧૨૦ કિલો/હે ચાર એકસરખા ભાગમાં રોપણી સમયે, ફુટ અવસ્થાએ, કુટી નીકળવાના સમયે અને દુધ ભરાવાની અવસ્થાએ આપવાથી ઉત્પાદન વધારવામાં ફાયદાકારક છે, જો કે ફોસ્ફરસ અને પોટાશ આ રીતે આપવાથી ફાયદાકારક નથી. |
| ૨ | ૧૯૯૨ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાાા માં ડાંગર પછી ચણાની ખેતી કરતાં ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે નાઈટ્રોજન અને ફોસ્ફરસ ૫૦ કિલો અને ૨૫ કિલો ફોસ્ફરસ ડાંગરની જાત જીઆર–૧૧ને આપવું અને છાણીયું ખાતર ૧૦ ટન/હે અને ૨૦ કિલો નાઈટ્રોજન અને ૨૦ કિલો ફોસ્ફરસ પ્રતિ હેકટર ચણા દાહોદ |

| | | |
|---|---|---|
| | | પીળાને આપવાથી સારૂ આર્થિક વળતર મેળવી શકાય છે. |
| ૩ | ૧૯૯૨ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાાા માં ચોમાસુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને શણનો લીલો પડવાશ ચોમાસા પહેલા કરવ ો તથા ૧૦૦ ટકા ભલામણ કરેલ નાઈટ્રોજન આપવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે. જે ખેડુતો ૧૦૦ ટકા ભલામણ કરેલ નાઈટ્રોજન આપી શકતા ના હોય તેઓ ૬૦ ટકા નાઈટ્રોજન આપીને પણ તેટલું જ ઉત્પાદન મેળવી શકે છે કે જેટલુ ૧૦૦ ટકા નાઈટ્રોજન છાણીયા ખાતર વગર મેળવે છે. |
| ૪ | ૧૯૯૩ | વ્યારા વિસ્તારના દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાાા મા ચણાના પાકને ફુવારા પધ્ધતિથી બે પિયત આપવાથી ૫૦ ટકા પાણીનો બચાવ કરી શકે છે. પ્રથમ પિયત વાવણી સમયે અને બીજુ પિયત વાવણીના ૨૫ દિવસ બાદ એટલે કે ચણામાં ડાળખા ફુટે ત્યારે ૫૦મીમી ઉંડાઈથી આપવું. (ફુવારા પધ્ધતિ ૧૨મી × ૧૨મીના અંતરે ગોઠવી ૨.૭૫ કિલો/સેમી² દબાણથી આપવું જેથી ૧.૬૭ સેમી/કલાક આ માટે ફુવારા પધ્ધતિ ત્રણ કલાક ચલાવવી.) |
| ૫ | ૧૯૯૩ | વ્યારા વિસ્તારના દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાાા મા ઉનાળુ મગફળીની ખેતી કરતાં ખેડુતોને ફુવારા પધ્ધતિ અપનાવવાથી ૧૫૦ ટકા વધુ આવક તથા પાણીની બચત કરી શકે છે. (ફુવારા પધ્ધતિ ૧૨મી × ૧૨મીના અંતરે ગોઠવી ૨.૭૫ કિલો/સેમી² દબાણથી આપવું જેથી ૧.૬૭ સેમી/કલાક ૪૦મીમીના ટોટલ માટે આપી શકાય. આ માટે ફુવારા પધ્ધતિ બે કલાક ૨૪ મીનીટ ચલાવવી.) |
| ૬ | ૧૯૯૪ | મધ્ય અને દક્ષિણ ગુજરાતના ડાંગરની જાત અંબિકા ઉગાડતા ખેડુતોને નાઈટ્રોજન ૧૮૦ કિલો/હે અને ફોસ્ફરસ ૩૦ કિલો/હે આપવાથી વધુ ઉત્પાદન તથા આવક મેળવી શકાય છે. નાઈટ્રોજન ત્રણ સરખા ભાગમાં, રોપણી સમયે, ફુટ અવસ્થાએ અને કંટી નીકળવા સમયે ૨:૨:૧ના પ્રમાણમાં આપવો. ફોસ્ફરસનો બધો જથથો રોપણી સમયે આપવો. |
| ૭ | ૧૯૯૪ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાાા માં ચોમાસુ ડાંગર જીઆર–૪ની ખેતી કરતાં ખેડુતોને ૧૦૦ કિલો નાઈટ્રોજન/હે બે સરખા ભાગમાં તથા મધ્યમ ખેડુતોને ૫૦ કિલો/હે બે સરખા ભાગમાં, પ્રથમ રોપાણ વખતે અને બીજો ફુલ આવવાના સમયે આપવાથી વધુ આથિ ક વળતર મેળવી શકાય છે. |
| ૮ | ૧૯૯૪ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાાા માં ચોમાસુ ડાંગરની ખેતી કરતાં ખેડુતો કે જેઓ મજુર દ્વારા રોપણી કરાવે છે તેઓને ડાંગરની ફણગાવેલ બીજ પધ્ધતિથી લાઈનમાં રોપણી કરવાની ભલામણ કરવામાં આવે છે. આ પધ્ધતિથી ફેરરોપણી પધ્ધતિ કરતાં ૩૭ ટકા વધુ આવક મેળવી શકે છે. વધુમાં ફણગાવેલ બીજ પધ્ધતિથી વાવણી કરેલ ડાંગરની જાત જીઆર–૩ એક અઠવાડીયું વહેલુ પાકે છે જયારે ડાંગરની જાત જીઆર–૧૦૩ બે અઠવાડીયા વહેલું પાકે છે. |
| ૯ | ૧૯૯૫ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાાા માં ફણગાવેલ બીજ પધ્ધતિથી ડાંગરની ખેતી કરતાં ખેડુતોને બીજનું પ્રમાણ ૬૦ કિલો/હે તથા રોપણી અંતર ૨૨.૫ સેમીરાખવાથી ૧૩ ટકા વધુ ઉત્પાદન મેળવી શકે છે. |

| | | |
|---|---|---|
| ૧૦ | ૧૯૯૫ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ઉનાળુ ડાંગર જીઆર–૧૦૩ની ખેતી કરતાં ખેડુતો કાદવ પાડયા પછી ફણગાવેલ બીજથી વાવણી કરવા ભલામણ કરવામાં આવે છે આમ કરવાથી તેઓ ૩૨ ટકા વધુ ઉત્પાદન મેળવી શકે છે. |
| ૧૧ | ૧૯૯૬ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ઉનાળુ મગફળીની ખેતી કરતાં ખેડુતો મગફળીની વાવણી ડીસેમ્બરથી જાન્યુઆરીના પ્રથમ પખવાડીયામાં કરવાની ભલામણ કરવામાં આવે છે. |
| ૧૨ | ૧૯૯૭ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસું ડાંગર પછી શિયાળુ/ઉનાળુ પાક લેતા ખેડુતોને ડાંગર પછી મગફળીની ખેતી કરવા ભલામણ કરવામાં આવે છે આમ કરવાથી તેઓ ૧૬૭ ટકા વધુ આવક ચણા પાક કરતા મેળવી શકે છે. |
| ૧૩ | ૧૯૯૭ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ઉનાળુ મગફળીની ખેતી કરતાં ખેડુતોને મગફળીની વાવણી ૩૦ સેમીના અંતરે તથા બીજનું પ્રમાણ ૧૨૦ કિલો/હે રાખી કરવાની ભલામણ કરવામાં આવે છે. |
| ૧૪ | ૧૯૯૮ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં લીલો પડવાશ ડાંગરની સીકવન્સ કરતાં ખેડુતોને મધ્યમ ફોસ્ફરસ ધરાવતી જમીનમાં લીલો પડવાશ પછી ૬૦ કિલો/હેની જગ્યાએ ૩૦ કિલો/હે ફોસ્ફરસ આપવાની ભલામણ કરવામાં આવે છે. |
| ૧૫ | ૧૯૯૯ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને ૧૦૦ કિલો નાઈટ્રોજન/હે બે સરખા ભાગમાં રોપણી સમયે અને ફુટ અવસ્થાએ (રોપણીના ૩૦ દિવસ પછી) નવસારી પરિસ્થિતિમાં જયા માટે અને વ્યારા પરિસ્થિતિમાં જીઆર–૧૧ માટે આપવાની ભલામણ કરવામાં આવે છે. જયારે રોપણી સમયનો જથ્થો આપવાનો બાકી રહી જાય ત્યારે પુરેપુરો જથ્થો ફુટ અવસ્થાએ આપવો. |
| ૧૬ | ૨૦૦૦ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગર જીઆર–૫ની ખેતી કરતાં ખેડુતોને ૧૨૦ કિલો નાઈટ્રોજન/હે આપવાની ભલામણ કરવામાં આવે છે. જે જમીનમાં લભ્ય ફોસ્ફરસ, પોટાશ અને સલ્ફર વધુ હોય તેમાં આ તત્વો ન આપવા ભલામણ કરવામાં આવે છે. |
| ૧૭ | ૨૦૦૨ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગર પછી ઉનાળુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને ડાંગરના પુળીયા ૫ ટન/હેની સાથે ૮૦ કિલો નાઈટ્રોજન/હે (૫૦ અથવા ૭૫ ટકા પાયામાં)ની સાથે ૫૦ કિલો ફોસ્ફરસ/હે આપવાની ભલામણ કરવામાં આવે છે આમ કરવાથી તેઓ વધુ ઉત્પાદન મેળવી શકે છે અને ૨૦ ટકા નાઈટ્રોજનનો બચાવ કરી ફોસ્ફરસ તથા પોટાશની લભ્યતા વધારે છે. |
| ૧૮ | ૨૦૦૪ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ઉનાળુ ડાંગર(ગુજ રી અથવા જયા)ની ખેતી કરતાં ખેડુતોને તેમનું ધરૂવાડીયું ડીસેમ્બરના પ્રથમ પખવાડીયામાં નાંખવાની ભલામણ કરવામાં આવે છે. |
| ૧૯ | ૨૦૦૫ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ઉનાળુ |

| | | |
|---|---|---|
| | | ડાંગરની ખેતી કરતાં ખેડુતોને તેમનું ધરૂવાડીયું ૧૫મી ડીસેમ્બર નાંખવાની ભલામણ કરવામાં આવે છે. |
| ૨૦ | ૨૦૦૭ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગર પછી ઉનાળુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને પ્રેસમડ ૧૦ ટન/હે અને ૭૫ ટકા ફોસ્ફરસ ભલામણ કરેલ નાઈટ્રોજનનો જથ્થો નફાકારક ઉત્પાદન તથા ઉત્પાદકતા ટકાવવા ભલામણ કરવામાં આવે છે. |
| ૨૧ | ૨૦૦૮ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગર પછી ઉનાળુ મગફળીની ખેતી કરતાં ખેડુતોને ડાંગર પાક પછી ૬ ઈંચ ઉંડી ખેડ કરવા ભલામણ કરવામાં આવે છે જેથી વધુ ઉત્પાદન અને આવક મેળવી શકાય છે. |
| ૨૨ | ૨૦૦૯ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં શિયાળુ દિવેલા (જીસીએચ–૫)ની ખેતી કરતા ખેડુતો દિવેલાની વાવણી ઓકટોબરના પ્રથમ પખવાડીયાથી નવેમ્બરના પ્રથમ પખવાડીયામાં કરવાની ભલામણ કરવામાં આવે છે જેથી તેઓ વધુ ઉત્પાદન અને આવક મેળવી શકે છે. |
| ૨૩ | ૨૦૧૦ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને ફણગાવેલ બીજ પધ્ધતિ અથવા સીરા પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે. |
| ૨૪ | ૨૦૧૧ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ઉનાળુ મગફળી ઉગાડતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા વર્મીકમ્પોસ્ટ ૨.૫ ટન/હે. અને સાસાયણિક ખાતરનો જથ્થો (૨૫–૨૫–૦૦) એન.પી.કે./હે. આપવાની ભલામણ કરવામાં આવે છે. |
| ૨૫ | ૨૦૧૮ | દક્ષિણ ગુજરાતનાં ભારે વરસાદવાળા વિસ્તાર (કૃષિ આબોહવાકીય પરિસ્થિતિ–૩) માં પિયત ઓરાણ ડાંગર (ગુજરાત નવસારી ડાંગર–૩) ની ખેતી કરતાં ખેડૂતોને ડાંગરનું નફાકારક ઉત્પાદન મેળવવા માટે બે હાર વચ્ચે ૨૦ સે.સી.નું અંતર રાખી વાવણી કરવાની સલાહ આપવામાં આવે છે. |
| ૨૬ | ૨૦૨૧ | દક્ષિણ ગુજરાતમાં ડાંગરની સેન્દ્રિય ખેતી કરતા ખેડુતોને ડાંગરનું નફાકારક ઉત્પાદન મેળવવા માટે ઓરાણ ડાંગરની પૂર્ણા અથવા જી.આર.–૫ જાતમાં છાણીયા ખાતરમાં રહેલ પોષક તત્વોને આધારે ભલામણ થયેલ નાઈટ્રોજનના ૫૦% નાઈટ્રોજન (૩૭.૫ કિ.ગ્રા. નાઈટ્રોજન/હેકટર) છાણીયા ખાતરનાં રૂપમાં આપવાની ભલામણ કરવામાં આવે છે. |

**રોગ–જીવાત નિયંત્રણઃ–**

| | | |
|---|---|---|
| ૨૭ | ૧૯૭૮ | ડાંગરમાં ગલત આંજીયા રોગના નિયંત્રણ માટે ઝાઈનેબ ૦.૧% સ.ત. અને કોપર ઓકસીકલોરાઈડ ૦.૩% સ.ત.અથવા કેપ્ટાફોલ ૦.૧% સ.ત. બુટ લીફ સ્ટેજ (કંટી નીકળવાની અવસ્થા) અને ડફ સ્ટેજ (કંટીમાં દાણા ભરાવાની અવસ્થા) વખતે આપવું જોઈએ. |
| ૨૮ | ૧૯૭૯ | ગલત આંજીયા રોગના નિયંત્રણ માટે ડાઈફોલેટાન/કેપ્ટાફોલ ૦.૧% સ.ત. (૧૦૦૦ લી/હે) બુટ લીફ સ્ટેજ અને ડફ સ્ટેજ વખતે આપવું જોઈએ. |

| | | |
|---|---|---|
| ૨૯ | ૧૯૭૯ | ડાંગરની આઈઆર–૨૨ અને આઈઆર–૨૮ જાત ગલત આંજીયાના રોગ સામે પ્રતિકારક હોય તેને દક્ષિણ ગુજરાતના વધારે ઉપદ્રવવાળા વિસ્તારમાં વાવવાની ભલામણ કરવામાં આવે છે. |
| ૩૦ | ૨૦૨૦ | ઉનાળુ ડાંગર ઉગવતા દક્ષિણ ગુજરાતના ખેડુતોને સલાહ આપવામાં આવે છે કે ડાંગરના બીજને એઝોકિસસ્ટ્રોબિન ૨૩ એસ.સી. ૦.૦૪૬% ૧ મિલી/ ૫૦૦ મિલી પાણીમાં એક કિલોગ્રામ બીજને પાણીમાં ૨ કલાક પલાળીને વાવણી કરવી તથા ટ્રાયકોડર્મા હર્જીનીયમ ૧ગ્રામ/મી$^{૨}$ પ્રમાણે જમીનમાં આપવા ભલામણ કરવામાં આવે છે તથા ડાંગરના બીજને એઝોકિસસ્ટ્રોબિન ૨૩ એસ.સી. ૦.૦૪૬% ૧ મિલી/ ૫૦૦ મિલી પાણીમાં એક કિલોગ્રામ બીજને પાણીમાં ૨ કલાક પલાળીને વાવણી કરવાની લભામણ કરવામાં આવે છે.જેથી સારા તંદુરસ્ત છોડનો ઉગાવો મળે અને છોડની મૃત્યુદર ઘટાડી શકાય. |
| ૩૧ | ૨૦૨૧ | દક્ષિણ ગુજરાતમાં ડાંગર પછી ઉનાળુ મગફળીની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે મગફળીના થડના સડા રોગના નિયંત્રણ માટે બીજને નીચે મુજબ કોઈપણ એક માવજત આપી વાવેતર કરવામાં આવે તો વધારે ઉત્પાદન અને વધુ આવક મેળવી શકાય.<br>➢ એઝોકસીસ્ટ્રોબીન ૨૩ એસ.સી. ૧ મીલી/કિ.ગ્રા. બીજને ૫૦ મીલી પાણી સાથે મીશ્ર કરી પટ આપી અને જમીનમાં ટ્રાયકોડર્મા અરજીયાનમ (૨૧૦$^{૬}$ સીએફયુ/ગ્રામ)૨.૫ કિ.ગ્રા./હે. ૧૦૦ કિલો છાણીયા ખાતરમાં મીક્ષ કરી વાવણીના સમયે આપવું અથવા એઝોકસીસ્ટ્રોબીન ૧ મીલી/કિ.ગ્રા. બીજને ૫૦ મીલી પાણી સાથે મીશ્રણ કરી પટ આપીને વાવેતર કરવું. |
| ૩૨ | ૨૦૨૩ | દક્ષિણ ગુજરાતમાં ચણાના પાકની ખેતી કરતા ખેડૂતોને થડના કોહવારા રોગને નિયંત્રણ માટે સ્યુડોમોનાસ ફલોરોસેન્સ ૧.૫% એ.એસ.(૧×૧૦$^{૮}$સીએફયુ/મીલી) ૧૦ મી.લી/કિ.ગ્રા. અથવા ટ્રાઈકોડર્મા વિરીડી ૧.૫% ડબલ્યુ.પી. (૨×૧૦$^{૬}$ સીએફયુ/ગ્રામ) ૧૦ ગ્રામ/કિ.ગ્રા.ની બીજ માવજત (બીજના સરખા આવરણ માટે ૨૫ મી.લી. પાણીનો ઉપયોગ કરવો) અને ટ્રાઈકોડર્મા વિરીડી ૨.૫ કિ.ગ્રા./ હેકટર (૨૫૦ કિ.ગ્રા. છાણીયા ખાતરમાં મિશ્રણ કરી) વાવેતરના સમયે જમીનમાં આપવાની ભલામણ કરવામાં આવે છે. |